શનિવાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ | ૭



# બીજા સાથે શું વાતો શેર કરવી અને શું નહીં ?


**એક સમય એવો પણ હતો જ્યારે ફોન સરળતાથી ઉપલબ્ધ નહોતાં. ત્યારે શેરી, મહોલ્લા, સોસાયટીની મહિલાઓ ઘરનાં કામો પતાવ્યાં બાદ રાત્રીના સમયે ઓટલે ભેગી થતી અને અલકમલકની વાતો કરતી. એમાં આણે આવું કર્યું, પેલીના ઘરે તો રોજની પતિ અને સાસુસસરા સાથે ખટપટ ચાલતી હોય આવી પારકી પંચાત પણ ચાલતી. બહુ પાક્કી બહેનપણીઓ હોય તો મર્યાદામાં રહીને પેટછૂટી વાતો પણ કરી લેતી. એ સમયે ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ તો કલ્પના બહારની વાત હતી એટલે જો કોઈ નહીં કહેવાની વાત કોઈની પણ સામે બોલાઈ જાય તો આગની જ્વાળાની જેમ બધે ફેલાઈ જતી નહીં. હવેની સ્ત્રીઓનો સમય ઓફિસમાં, શોપિંગમાં, સોશ્યલ મીડિયા પર ઝાઝો વીતે છે એટલે ઓળખાણ વધી છે, ફ્રેન્ડસર્કલ વધ્યું છે ત્યારે કિટી પાર્ટી થાય કે પછી સોશ્યલ મીડિયા પર ગ્રુપ ચેટિંગ થાય અને ભૂલેચૂકે પણ એવી વાત બોલાઇ જાય કે જેને ગોપનીય રાખવાની જરૂર હતી. હવે જ્યારે કમાનમાંથી તીર છૂટી જ જાય પછી તો ના ધાર્યું હોય એવું પણ થાય એટલે કે વાતનું વતેસર પણ થાય, સંબંધો પણ વણસી શકે અને ક્યારેક લેને કે દેને પણ પડી જાય છે એટલે આવી સિચ્યુએશન ઊભી નહીં થાય એટલે 'પાણી પહેલાં પાળ બાંધવી'ની જેમ સ્ત્રીઓએ કઈ વાતો શેર કરવી જોઈએ અને કઈ વાતો શેર ના જ કરવી જોઈએ? વળી હવે તો જમાનો ડિજિટલ દુનિયાનો છે. સોશ્યલ મીડિયા વાતો શેર કરવા માટેનો સેતુ બન્યો છે ત્યારે કયા પ્રકારની પોસ્ટ અને ફોટા સોશ્યલ મીડિયા પર શેર ના કરવા જોઈએ તે વિશે શહેરની કેટલીક વ્યક્તિઓને મળીએ અને તેમની પાસેથી જાણીએ...**

## એવા ફોટા શેર નહીં કરવા જોઈએ જેમાં તમારી કારનો નંબર દેખાય કે ઘરનું લોકેશન ખ્યાલ આવે: ડૉ. વિવક્ષા જરીવાળા



પાલ-ભાઠાથી આગળ ભાટપોરમાં રહેતાં 46 વર્ષીય ડૉ. વિવક્ષા જરીવાળા વ્યવસાયે પ્રોફેસર છે. તેઓનું ફિલ્ડ ઇન્ફોર્મેશન એન્ડ ટેક્નોલોજી (IT) છે. તેમણે જણાવ્યું કે, ''લાઇફમાં કોઈ મુંઝવણ સતાવતી હોય કે પછી નકારાત્મક વિચાર આવતા હોય અથવા એવું લાગે કે લાઈફમાં બધું બરાબર નથી ચાલતું તો તે પોઇન્ટ્સ જેની પર આપણે ટ્રસ્ટ કરી શકીએ એવી એકથી બે ફ્રેન્ડ્સને શેર કરી શકાય. મહિલાઓએ પોતાના ઘરની પર્સનલ વાતો કોઇને શેર નહી ં કરવી જોઇએ. આજકાલ તો સોશ્યલ મીડિયા પર તમે શું કરી રહ્યા છો તેની પળેપળની પોસ્ટ મૂકવાની અમુક લોકોને ટેવ પડી ગઈ હોય છે. ત્યારે એ વાતની સાવધાની રાખવી જોઈએ કે, તમે ફુલ ફેમિલી ફરવા જવા નીકળ્યાં છો એવી પોસ્ટ મૂકો અને તેની પર કોઈ ચોર તત્ત્વની નજર પડી જાય તો બને કે તમારા ઘરમાં ચોરી થઈ જાય એટલે ઘરના લોકેશનનો અજાણ્યાઓને ખ્યાલ આવી જાય કે પછી કાર સાથેનો ફોટો સોશ્યલ મીડિયામાં મૂકો તો તમારી કારનો નંબર નહીં દેખાય તેનું ધ્યાન રાખવું જોઈએ. તમારી સેલેરી કેટલી છે એ હસબન્ડ, માતાપિતા, સાસુસસરાને જણાવો પણ બીજા સાથે સેલેરીને લગતી વાતો શેર નહીં કરવી જોઈએ નહીં તો લોકોને થશે કે ઓહો આ તો આટલું બધું કમાય છે. તમારી પર્સનાલિટીને શોભે એવી પોસ્ટ મૂકવામાં કોઈ વાંધો નથી પણ કોઈ પણ મેરિડ સ્ત્રીએ તેના હસબન્ડ સાથે કેવી વાતો થાય છે તે કોઈને પણ શેર ના જ કરવું જોઈએ. હું ફેમિલી સાથે ફરવા ગઈ હોઉં તો તેના બે-ત્રણથી વધારે ફોટા પોસ્ટ નથી કરતી. ઘરના મેમ્બર્સને બર્થડે વીશ કરતા ફોટા હું પોસ્ટ કરું છું પણ એક લિમિટમાં.

## પરિવારની પર્સનલ લાઈફની વાતો, મહત્ત્વપૂર્ણ દસ્તાવેજોના ફોટા શેર નહીં કરવા જોઈએ : મિત્તલ ટેલર



મારી બહુ ક્લોઝ હોય એવી કોઈ ફ્રેન્ડ નથી પણ હા, મારી બે નણંદો પર મને બહુ વિશ્વાસ છે એટલે હું મને કોઈ મૂંઝવણ હોય તો તેનું સોલ્યુશન માંગવા તેમની સાથે કેટલીક વાતો શેર કરું છું. સોશ્યલ મીડિયા પર એવી કોઈ વાતો શેર નહીં કરવી જોઈએ જેને કારણે આગળ જઈને કોઈ સમસ્યા ઊભી થાય.'' આ શબ્દો પાર્લે પોઈન્ટ વિસ્તારમાં રહેતાં 37 વર્ષીય મિત્તલબેન ટેલરના છે. તેઓ ઓનલાઇન માર્કેટિંગના પ્રોફેશનમાં છે. તેમણે જણાવ્યું કે, ''તમારું કોઈ અચીવમેન્ટ હોય કે પછી કોઈને ઉપયોગી થઈ શકે એવી વાતો હું સોશ્યલ મીડિયા પર ચોક્કસ શેર કરું છું પણ જ્યારે કશે ટૂર પર જવાના હોઈએ ત્યારે અમે ઘરેથી નીકળી ગયા છીએ કે અમે પ્લેનમાં બેસી ગયા છીએ આવી કોઈ વાતો સોશ્યલ મીડિયા પર શેર નહીં કરવી જોઈએ. આનાથી તમારા ઘરે હવે કોઈ નથી એનો ખ્યાલ ચોર તત્ત્વોને આવી જાય અને ના કરે નારાયણ ઘરમાં ચોરી થઈ તો એટલે આવી વાતો ના જ શેર કરવી જોઈએ. તમે ફરવા ગયા છો અને ત્યાં તમે શોર્ટ આઉટફિટ પહેર્યાં હોય તો તેવા ફોટો સોશ્યલ મીડિયા પર ના મૂકવા જોઈએ. . હું એ પણ માનું છું કે જો કોઈ પણ વ્યક્તિ તમારી પર વિશ્વાસ મૂકીને તેની કોન્ફિડેન્શિયલ વાતો શેર કરે તો તેવી ગોપનીય વાતો પણ કોઈ બીજાને તમારે શેર નહીં કરવી જોઈએ. મારા હસબન્ડ પાસે સાયબર સિક્યુરિટી ફિલ્ડમાં માસ્ટરની ડિગ્રી છે એટલે તેમના તરફથી જ મને સાયબર સિક્યુરિટીને લઈને ઘણું જાણવા મળે છે. સોશ્યલ મીડિયાની અમુક એપ હોય એની ઇન્ડિટેલ્સ જોઈએ તો તેમાં ઇન્ડિકેટ કરાયું હોય છે કે જ્યારે એપ યુઝ કરનાર પોતાની કોઈ માહિતી, ડેટા, ફોટા શેર કરે છે તો એપમાં ઉલ્લેખ હોય છે કે તેઓ આ શેર કરવામાં આવેલા ડેટાનો યુઝ કરી શકે છે. તમે ફેસબુક કે ઈન્સ્ટા પર બધાંને જાણતા નથી હોતા એટલે તમારા શેર કરેલા ફોટાનો મિસયુઝ થવાનો સંદેહ રહે એટલે હું તો એ બેટર માનું કે પરિવાર સાથે એન્જોય કરવામાં આવેલા ફેસ્ટિવલ, ફંક્શનના ફોટા ફેમિલી ગ્રુપમાં મૂકવા. સોશ્યલ મીડિયા પર નહીં મૂકીએ તો ચાલે.

## ફેમિલી સિવાય કોઈ આપણું નથી હોતું, AI ના જમાનામાં સોલો ફોટા શેર કરવાથી બચવું : હીનલ પટેલ

તમને જે ઇમોશનલી સપોર્ટ કરતા હોય તેવા એકાદ બે મિત્રો સાથે પર્સનલ વાતો શેર કરી શકાય. જો કે, હું એવું માનું છું કે આપણા ફેમિલી સિવાય કોઈ આપણું નથી હોતું. 10 ફ્રેન્ડ હોય તો બધાં જ આપણી ક્લોઝ નથી હોતાં એટલે પોતાની પર્સનલ વાતો, ફેમિલીની વાતો બધાંને શેર નહીં કરવી જોઈએ.'' આ શબ્દો અડાજણ વિસ્તારમાં રહેતાં 29 વર્ષીય હીનલ પટેલના છે. તે એક કંપનીમાં એડમીન મેનેજરની પોસ્ટ પર કાર્યરત છે. તેમણે જણાવ્યું કે, ''ફેમિલીના ઇશ્યુ હોય તો તે ફેમિલી પૂરતું જ રાખવું. તે કોઈ સારા ફ્રેન્ડ હોય તો તેમને પણ શેર કરવાની જરૂર નથી. તમારી પર્સનલ લાઈફ,તમારા લાઈફના ગોલ કોઈને જણાવવાની જરૂર નથી. સોશ્યલ મીડિયા પર કલ્ચરલ એક્ટિવિટીઝ કે મોટીવેટ કરતી વાતો હોય તો તે શેર કરવામાં વાંધો નથી. ફેમિલી ઇવેન્ટ છે, ફેસ્ટિવલ, ગેટ ટુ ગેધર, ફેમિલી કે ઓફિસ કે પછી ફ્રેન્ડ્સ સાથેની ટ્રીપના



ગ્રુપ ફોટા શેર કરી શકાય પણ બને ત્યાં સુધી આપણો પોતાનો સોલો ફોટો, પર્સનલ ફોટા સોશ્યલ મીડિયા પર પોસ્ટ નહીં કરવા હિતાવહ છે. જો કોઈ પર્સન મિસિંગ હોય તો તેની પોસ્ટ સોશ્યલ મીડિયા પર ચોક્કસ શેર કરો કેમ કે સોશ્યલ મીડિયા તે પર્સનની શોધખોળમાં ઉપયોગી નિવડી શકે છે. તમારા કરિયરની, તમારી પ્રાઇવેટ લાઈફની વાતો બહુ ક્લોઝ ફ્રેન્ડ્સને કે જે તમને ઇમોશનલી ઉપયોગી બનતા હોય તેમને જ શેર કરવી જોઈએ. હવે તો AI નો જમાનો છે. એમાં અવનવા ટ્રેન્ડ નીકળે છે એમાં પણ ફોટો મુકાય તો મિસયુઝ થવાનો ભય રહે છે. વળી, અત્યારે તો લોકો ફોટા પરથી પણ વ્યક્તિને ખોટી રીતે જજ કરે છે. ફ્રેન્ડ્સ પણ તમને એક વખત, બે વખત સપોર્ટ કરશે. દર વખતે નહીં કરે. દર વખતે આપણી સાથે આપણું ફેમિલી જ હોય  એટલે પર્સનલ પ્રોબ્લેમ ફેમિલીને શેર કરવા, બધાં ફ્રેન્ડસને પણ નહીં કરવાના. હું મારા સોલો ફોટા એક લિમિટમાં જ સોશ્યલ મીડિયા પર મૂકું બાકી ફેમિલી, ફ્રેન્ડ્સ સાથેના ફોટા પોસ્ટ કરું.

## તમારા ભવિષ્યનાં પ્લાનિંગ, પરિવારની આર્થિક સ્થિતિની વાતો શેર નહીં કરવી, નજર પણ લાગી શકે: નિષ્ઠા મઠાવાળા

જુઓ અત્યારે હું ઉંમરના એ પડાવ પર છું જ્યાં મારા માટે કરિયર બનાવવી સૌથી અગત્યનું છે. સારા ભવિષ્યનિર્માણ માટે મારે આગળનું શું સ્ટેપ લેવું જોઈએ તે પર્સનલ રાખવું જોઈએ. પરિવારની આર્થિક સ્થિતિ શું છે તે પણ શેર નહીં કરવી જોઈએ કારણ કે લોકોની નજર પણ લાગી શકે અને અમુક વ્યક્તિઓ તમારું કામ બગાડી પણ શકે છે.'' આ શબ્દો 22 વર્ષની નિષ્ઠા મઠાવાળાના છે જે ઘોડદોડ રોડ વિસ્તારમાં રહે છે અને MBAના સેકન્ડ યરની સ્ટુડન્ટ છે. નિષ્ઠાએ જણાવ્યું કે, ''મારી એક સહેલી છે જેની સમક્ષ અને મારી મમ્મી સમક્ષ હું મારી પર્સનલ વાતો બેધડક શેર કરું છું. મને કોઈ પ્રોબ્લમ હોય તો હું ફર્સ્ટ મારી ફ્રેન્ડને શેર કરું પણ તે મને જે સોલ્યુશન આપે તેમાં મને સમજ નહીં પડે તો પછી હું મને જે મૂંઝવણ સતાવતી હોય તે મમ્મીને જણાવું. હું હર્ટ થાઉં તેવું કોઈ બોલી જાય કે પછી કોઈ સાથે મારો ઝગડો થયો હોય તો તેનું ઓવરથિન્કીંગ થાય તો હું મારા ફેમિલીને તે શેર કરું. મને કશે મનદુ:ખ થયું હોય કે પછી સેડ ફીલ થાય ત્યારે હું એકલમાં રડી લેવાનું પસંદ કરું પણ તેના વિશે કોઈને નહીં કહું. દરેકના ઘરમાં નાનીમોટી વાતે તકરાર થતી હોય તેની વાતો ઘરની બહાર નહીં જવી જોઈએ એટલે તેની વાતો તો કોઈને પણ શેર ના જ કરવી જોઈએ. આપણે કોઈ ફોટા સોશ્યલ મીડિયા પર શેર કરતા હોઈએ અને અમુક લોકોને વારંવાર કોઈનું એકાઉન્ટ ચેક કરવાની આદત હોય એટલે એવી પોસ્ટ કે એવા ફોટા મૂકવા જોઈએ જેમાં બહુ રિવિલિંગ ના થતું હોય. પર્સનલ એને જ કહેવાય જે પોતાના પૂરતું જ રાખવાનું હોય એટલે તમે કોઈ ડીસીઝન લો છો તો તેનું પરિણામ આવે પછી જ તેના વિશે મિત્રો કે રિલેટિવને કહેવું જોઈએ ત્યાં સુધી તેને પર્સનલ જ  રાખવું જોઈએ. તમારી પ્રાઇવેટ લાઈફ વિશે પણ કોઈને નહીં જણાવવું જોઈએ. હું મારા ભવિષ્યના પ્લાન વિશે મારાં મમ્મીપપ્પા, મારા ભાઈ અને મારી એક ક્લોઝ સાહેલીને જ કહું છું. બીજાને શેર નથી કરતી.''



## કોઈએ આપણા પર વિશ્વાસ મૂકીને તેની પર્સનલ વાતો કરી હોય તે બીજાને શેર ના કરવી જોઈએ: પાયલ વરિયા

આપણે કોઈ પર વિશ્વાસ મૂકીને આપણી પર્સનલ વાતો કરી હોય અને તે આપણી વાતો બીજાને કહે તો આપણને કેટલું દુ:ખ થાય! થાય જ ને! બસ તો પછી કોઈએ આપણી પર વિશ્વાસ મૂકીને એની કોઈ પર્સનલ વાતો આપણને કરી હોય તો તે વાતો  આપણે બીજા કોઈને શેર ના જ કરવી જોઈએ.'' આ શબ્દો છે અમરોલી વિસ્તારમાં રહેતાં 30 વર્ષીય પાયલબેન વરિયાના. તેઓ આંગણવાડી કાર્યકર છે અને હાલ GPSC પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, ''જો આપણને કોઈ સારો અનુભવ થયો હોય, આપણને કોઈ બિગ અચિવમેન્ટ મળ્યું હોય, કોઈ ખુશીની વાત હોય તો તે આપણા રિલેટિવ્ઝ અને ફ્રેન્ડ્સને શેર કરી શકાય. જીવનમાં કોઈ મુશ્કેલી આવી હોય તો મન હળવું કરવા આપણી પર આવી પડેલી મુશ્કેલી એવા ફ્રેન્ડ્ કે જે આપણી પર્સનલ વાતો કોઈ બીજાને શેર નહીં કરશે એવો વિશ્વાસ હોય તેમની સમક્ષ શેર કરી શકાય. આપણે હસબન્ડ સાથે કશે ફરવા ગયા હોઈએ અને ત્યાં આપણી સરસ મેમરી ક્રિએટ કરવા પાડેલા ફોટા પણ સોશ્યલ મીડિયા પર શેર નહીં કરવા જોઈએ. આજકાલ આવો ટ્રેન્ડ છે કે આપણા પરિવારની કોઈ સ્ત્રી કે આપણા સગામાં હોય તેવી સ્ત્રી કે પછી કોઈ સહેલી સાથે આપણો ઝગડો થયો હોય પણ આપણે તેને કોઈ એવા વેણ કહેવા માંગતા હોઈએ જે તેની સામે પ્રત્યક્ષમાં ના બોલી શકતા હોઈએ તો વોટ્સએપ પર સ્ટેટ્સ મૂકીને તેને સંભળાવીએ. તે સ્ત્રી આપણું મૂકેલું સ્ટેટ્સ જોઈ લે એટલે આપણને મનમાં એવો સંતોષ થાય કે તીર સાચી દિશામાં વાગ્યું છે પણ આપણા એક્શનનું રિએક્શન પણ આવી શકે. મોટો ઝગડો પણ થઈ શકે એટલે આવા સ્ટેટ્સ મૂકીને કોઈ સ્ત્રીને અપમાનિત ના કરવી જોઈએ. હું અત્યારે એક્ઝામની તૈયારીઓ



કરી રહી છું એટલે ઘણા સમયથી મેં ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પરથી બ્રેક લીધો છે. હું સારું લખું છું તો આપણામાં જે ક્રિએટિવિટી હોય કે જે કળા હોય તે આપણે સોશ્યલ મીડિયા પર શેર કરવી જોઈએ અને કોઈને મદદ મળી શકે તેવી પોસ્ટ સોશ્યલ મીડિયા પર મૂકી શકાય પણ ભૂલેચૂકે પણ સ્ત્રીએ તેનો કોન્ટેક્ટ નંબર સોશ્યલ મીડિયા પર નહીં મૂકવો જોઈએ. આપણા આધારકાર્ડની વિગત, ઓટીપી નંબર, આપણા બેન્ક ખાતાને લગતી વિગત કોઈને પણ શેર ના જ કરવી જોઈએ.




## તમારી સ્કીલને શેર કરી શકો પણ તમારું નેક્સ્ટ સ્ટેપ શું રહેશે તે શેર નહીં કરવું: પૂજા પટેલ

જહાંગીરપુરા વિસ્તારમાં રહેતાં 29 વર્ષીય પૂજાબેન પટેલ હેન્ડમેડ જવેલરીના બિઝનેસ સાથે સંકળાયેલાં છે અને હેન્ડ મેડ જવેલરી બનાવતાં શીખવાડવાના ક્લાસ પણ ચલાવે છે. તેમણે જણાવ્યું કે, ''કોઈને હેલ્પફુલ થતી હોય તેવી ઇન્ફોર્મેશન શેર કરવી જોઈએ. પોઝિટિવ થોટની પોસ્ટ પણ સોશ્યલ મીડિયા પર મૂકી શકાય. તમારી સ્કીલની વાતો પણ શેર કરવી જોઈએ પણ તમારા બિઝનેસના સિક્રેટ કોઈને પણ શેર ના જ કરવા જોઈએ. હસબન્ડ-વાઈફ જે ડિસ્કશન કરતાં હોય તે તો કોઈને જ ના શેર કરવું જોઈએ. હું તો મારું નેક્સ્ટ સ્ટેપ શું રહેશે, હું ફ્યુચરમાં શું કરવા માગું છું, બિઝનેસમાં મારો ગોલ શું છે, મારું અચિવમેન્ટ શું છે તે પણ કોઈને નહીં શેર કરું. હું તો એ પણ માનું છું કે તમારાં નાનાં બાળકોના ફોટા પણ સોશ્યલ મીડિયા પર નહીં મૂકવા જોઈએ. તમારું સેવિંગ શું છે તે તમારા પૂરતું મર્યાદિત રાખો. તે તમારા અને તમારાં બાળકો માટે હોય છે એની વિગતો પણ કોઈને શેર નહીં કરવી



જોઈએ. હું મારા હસબન્ડ સાથે, મારી ફેમિલી સાથે કશે આઉટિંગ માટે ગઈ છું કે કોઈ રેસ્ટોરન્ટમાં લંચ કે ડિનર માટે ગઈ છું તો હું ક્યાં ફરું છું, શું ખાઈ રહી છું તે શેર નહીં કરું. હા, કોઈ જગ્યા બહુ જ સુંદર, મનને મોહી લે તેવી હોય તો તેના ફોટા સોશ્યલ મીડિયા પર મૂકીશ પણ હવે મારામાં ઘણી મેચ્યોરિટી આવી છે એટલે હું એવી પોસ્ટ વધારે મૂકવાનું પસંદ કરું છું જે લોકોને ઉપયોગી હોય. સ્કિલ શેર કરો પણ પર્સનલ વાતો, પર્સનલ લાઈફ અને ફ્યુચરમાં તમે શું કરવા માંગો છો તે શેર કદાપિ નહીં કરવું જોઈએ.

**માણસ સામાજિક પ્રાણી છે. તે ક્યારેક લાગણીવશ થઈ પોતાની ખાનગી વાતો ભોળપણમાં કોઈની પણ સામે શેર કરી દે તો તેનો ખોટો ઉપયોગ પણ થઈ શકે. વ્યક્તિએ અતિ ઉત્સાહમાં આવીને બેંક એકાઉન્ટની વિગત, ATM PIN, OTP, પાસવર્ડ અને ક્રેડિટ-ડેબિટ કાર્ડની સંવેદનશીલ માહિતી બેંક કે વિશ્વાસુ સંસ્થા બનીને કોઈ પૂછે તો પણ આપવી નહીં જોઈએ. તે માણસ જાણતો હોવા છતાં ક્યારેક લાલચ, લોભમાં આવીને આ માહિતી શેર કરી દે તો અંતે તેને પસ્તાવાનો વારો આવે. છતાં લોભામણી સ્કીમમાં માણસ ખાનગી વિગતો જાહેર કરવામાં ઉતાવળ કરી દેતો હોય છે. ઘણી વાર એવું પણ થતું હોય છે કે કોઈ સમાચારને સાચા માની તેની ખરાઈ કર્યા વગર માણસ અફવાઓની પોસ્ટ મૂકી દે છે અને પછી તેને ભોગવવાનો વારો આવતો હોય છે. કઈ વાતો ફ્રેન્ડ્સ, રિલેટિવ્ઝને શેર કરવી જોઈએ તે માણસની બુદ્ધિમત્તા પર આધાર રાખે છે.તમારી ખાનગી વાતો કોઇની સમક્ષ શેર કરો પણ તે વ્યકિતની દાનત કેવી હોય તે આપણને ખબર ન હોય તો બની શકે કે તે વ્યકિત ખોટી રીતે દુરુપયોગ પણ કરી શકે.**